**અમદાવાદ (ગ્રામ્ય) ના બીજા એડી.જયુ.મેજી. (ફ.ક.) ની કોર્ટમાં,**

**ફોજદારી કેસ નં ૧૪૦૦/૨૦૨૩**

**ફરિયાદીઃ** સરકારશ્રી

વિરુદ્ધ

**આરોપીઃ** લીલાબેન માધવજી ઠાકોર

**ગુન્હોઃ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૯, જી.પી.એકટ.૯૦(અ),એનીમલ ફૃઅલ્ટીએકટ.૧૧(૧)(એચ)(આઈ) મુજબ**

## :: ચુકાદો ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતાના હવાલા વાળુ વાહન જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરૂપ રાખી ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૯,જી.પી.એકટ.૯૦,એનીમલ ફૃઅલ્ટીએકટ.૧૧(૧)(એચ)(આઈ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૯,જી.પી.એકટ.૯૦,એનીમલ ફૃઅલ્ટીએકટ.૧૧(૧) (એચ) (આઈ) મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીએ ગુનાની કબુલાત પુરસીસમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા આરોપીની આર્થિક અને સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુન્હો અને તે ગુન્હામાં કરવામાં આવેલ સજાની જોગવાઇઓ, વગેરે પરિબળો ઘ્યાને લેતાં આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**હુકમ**

આ કામના આરોપી લીલાબેન માધવજી ઠાકોરનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ– ૨૮૯, જી.પી.એકટ.૯૦, એનીમલ ફૃઅલ્ટીએકટ.૧૧(૧)(એચ)(આઈ) મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને રૂ.૬૦૦/–(રૂપિયા એક છસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૧૧ મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૧/૦૨/૨૦૨૩
અમદાવાદ(ગ્રામ્ય)

**(એચ.જે.વસાવડા)**
બીજા એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક,
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર